નં.જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/પોલીસી/ ૨૬
ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ,
ઉદ્યોગભવન, ગાંધીનગર.
તા.૨૬-૦૫-૨૦૦૯

// પરિપત્ર //

**વિષય :-** નિગમ ધ્વારા જુદી જુદી યોજના અન્વયે ફાળવેલ ઔદ્યોગિક પ્લોટ / શેડ / રહેણાંક પ્લોટ / આવાસો / વાણિજય પ્લોટ / મિલ્કતો વિગેરેના વ્યાજના દરમાં સુધારણા બાબત..

**સંદર્ભ :-** (૧) પરિપત્ર ક્રમાંકઃ જીઆઈડીસી / ઓએન્ડએમ / સીઆઈઆર / એકા / ૩૧ / ૪૨૪ / ૯૪, તા.૪-૪-૯૪.
(૨) પરિપત્ર ક્રમાંકઃ જીઆઈડીસી/ઓએન્ડએમ / સીઆઈઆર / હિસાબ / ૩૧ / ૫૬૭ / ૯૫, તા.૨૧-૪-૯૫.
(૩) પરિપત્ર ક્રમાંકઃ ઓએન્ડએમ / સીઆઈઆર / એકા / ૯, તા.૨૨-૧-૨૦૦૧
(૪) પરિપત્ર ક્રમાંકઃ જીઆઈડીસી / ઓએન્ડએમ / સીઆઈઆર / હિસાબ / ૨૨ તા.૨૭-૦૬-૨૦૦૨.
(૫) નિગમની ૪૩૨મી સભાના ઠરાવ ક્રમાંક :૫ / હિસાબ / ૪૩૨ તા.૧૭-૦૨-૦૭
(૬) નિગમની ૪૪૨ મી સભાના ઠરાવ ક્રમાંકઃ ૩૫ / હિસાબ / નાણા / ૪૪૨ તા.૦૨-૦૫-૨૦૦૯

નિગમના ઉપરોકત પરિપત્રના સંદર્ભે જુદી જુદી વસાહતોના દરોમાં અવાર નવાર ફેરફાર કરવામાં આવેલ છે. આ સંદર્ભે નિગમની ૪૩૨ મી સભા, જે તા.૧૭-૦૨-૨૦૦૭ના રોજ મળેલ હતી તેમાં ઠરાવ્યા મુજબ નિગમના ભાડા ખરીદ પધ્ધતિ યોજના અન્વયે ફાળવવામાં આવેલ તમામ મિલ્કતો અને તમામ વસાહતો માટે વ્યાજના દર ૧૩% રાખવાનું નકકી કરવામાં આવેલ હતું.

નિગમની ૪૪૨મી સભા, તા.૦૨-૦૫-૨૦૦૯માં ઠરાવવામાં આવ્યા મુજબ પ્રવર્તમાન આર્થિક પરિસ્થિતિને અનુલક્ષીને નિગમના વ્યાજના દરમાં ફેરફાર કરવાનું નકકી કરેલ છે. તે મુજબ નિગમ ધ્વારા કરવામાં આવેલ ફાળવણીની તમામ મિલ્કતો જેવી કે, ઔદ્યોગિક પ્લોટ /શેડ, રહેણાંક પ્લોટ/આવાસો, વાણિજય પ્લોટ / મકાનો તથા સુવિધાઓ માટેના પ્લોટ / મકાનોની બાકી રકમ ઉપર તા.૦૧-૦૪-૨૦૦૭ની અસરથી વ્યાજનો દર વાર્ષિક ૧૩% લેખે ગણવામાં આવતો હતો તે હાલના બજાર દરો અને બેંકોના પી.એલ.આર. જોતાં હવે ઘટાડીને તા.૦૧-૦૪-૨૦૦૯ની અસરથી ૧૨.૫% લેખે ગણવાનો રહેશે.

ઉપરોકત ૧૨.૫% વ્યાજનો દર તમામ જુના ફાળવણીદારો તથા તા.૦૧-૦૪-૨૦૦૯ પછી કરવામાં આવેલ તમામ ફાળવણીદારોને ફાળવાયેલ તમામ પ્રકારની મિલ્કતો અને તમામ વસાહતો માટે એકસરખો રહેશે.

ઉપરોકત પરિપત્રનો ચુસ્તપણે અમલ કરવો અને પરિપત્ર મળ્યા અંગેની પહોંચ પાઠવવી.

સહી/-
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક
જીઆઈડીસી,ગાંધીનગર.